# અંગદનો પગ : શિક્ષકનું આત્મશોધન

પ્રા. દિલીપભાઇ જે. વસાવા
આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ

ગુજરાતી સાહિત્યમાં નવલકથાનું સ્વરૂપ સમયાંતરે નવા-નવા મોડ લઇને વિકસતું રહયું છે. ‘કરણઘેલો’ થી શરૂ કરી ‘વાસ્તુ’ નવલકથા સુધી નજર માંડીએ તો એનો અંદાજ આવશે. નવા-નવા સિમાસ્થંભો રચાયા છે. ગોવર્ધનરામની ‘સરસ્વતીચંદ્ર’ કનૈયાલાલ મુનશીની ‘ગુજરાતનો નાથ’ પન્નાલાલ પટેલની ‘માનવીની ભવાઇ’ મનુભાઇ પંચોળીની ‘ઝેર પીધાં છે જાણી જાણી’ રઘુવીર ચૌધરીની ‘અમૃતા’ સુરેશ જોષીની ‘છિન્નપત્ર’ અને છેલ્લે યોગેશ જોશીની ‘વાસ્તુ’ નવલ સુધી આવતાં નવલકથાના સ્વરૂપના નવા પરિમાણો ‘નવું રૂપ’ નવા વિષય જોવા મળશે. લાગણી, સમુન્દ્રાન્તિ કે આપણો ઘડીક સંગ, જેવી કૃતિઓ લઘુ સ્વરૂપમાં લખાઇ. હરેશ ધોળકીયા લિખિત ‘અંગદનો પગ’ પણ લઘુ નવલ છે. ૧૮૧ પેજમાં પૂર્ણ કરી છે. સર્જન કેવું કટકણું એટલું જ સહજ સ્કૂરિત છે. તે વર્તમાન નવલકથાકારોનાં શબ્દોથી જાણીએ. વિનેશ અંતાણી ‘પ્રિયજન’ સર્જનની કેફિયત રજૂ કરતાં લખે છે.

‘‘માલીયા’ નાટક પરથી નવલકથા લખવાના નિર્ણય સુધી દોરી ગયા’’ ‘નવલકથા લખવા બેઠો ત્યારે તેનો આરંભજ કરી શકયો નહિ.’ ‘નવાઇ લાગતી હતી - લખવા ધારેલી નવલકથાની આખી રૂપરેખા તૈયાર હોય અને છતાં એક અક્ષર પણ પાડી શકાય નહિ.’

‘‘બીજા દિવસની મધ્યમાં ‘આસોપાલવ’ નવલકથાનું વાર્તાબીજ મનમાં આવ્યું ‘પ્રિયજન લખવાનું બાજુ પર છોડી, નવી ફાઇલ નવા કોરા કાગળ સાથે ગોઠવી મેં ‘આસોપાલવ’ લખવાનું શરૂ કરી દીધું છે. જે નવલકથા વિશે અગાઉથી કોઇ યોજના કરી નહોતી તે ઝડપભેર સળંગ લખાવવા લાગી, રાત દિવસ લખવાનું ચાલ્યું, ત્રણ દિવસમાં ‘આસોપાલવ’ પૂરી કરી, એથી ફાયદો એ થયો કે સર્જકતાની પૂરી ધાર નીકળી ‘આસોપાલવ’ સમાપ્ત થઇ તેની બીજી જ મિનિટે ‘પ્રિયજન’ લખવાની શરૂઆત કરી શકયો.’’

હરેશ ધોળકીયાના શબ્દોમાં આ સર્જકે આયનરેન્ડના ‘Foun lanhead' અને ‘Atlas shrugged’આ બે પુસ્તકો એક બેઠકે વાંચી મનન કર્યું છે. એમાં શ્રેષ્ઠ મનુષ્યત્વ અને અદ્‌ભૂત અર્થશાસ્ત્રનું દર્શન કર્યું છે. એમના મિત્ર વિનેશ અંતાણીને પણ લખવાનું સૂચન કર્યું છે પણ નવલકથાકારનો જવાબ હતો, ‘ગુજરાતને ન ફાવે’ લેખકે કહે છે ‘‘પણ મનમાં વિચાર રમ્યા કરે આ વિચાર પર કશુંક લખાવું તો જોઇએ તે વિચારને સમજાવતા લેખો તો લખ્યા, પણ મનમાં વિચાર તો નવલનો જ વાગોલતો રહ્યો. મને તો નવલકથા લખતા નં આવડે શું કરવું’’

‘‘૧૯૯૮માં અચાનક રહસ્યમય રીતે ‘ખંડિત અખંડ’ નવલકથા લખાઇ ગઇ તેને હિંમત આવી કે ચાલો, લખી તો શકાય. તેમાંથી ‘શેષનાગ’ (Atlas) shrugged નું ભારતીયકરણ નવલકથા લખવાની શરૂઆત કરી થોડી તો સળંગ પણ પછી અટકી ગઇ, ફરી વિચાર સુષુપ્ત થઇ ગયો. ’’

"પણ મનમાં ટક ટક તો થયા જ કરે છેવટે ફરી લખવાનું નકકી કર્યું વિષયવસ્તુ નવું નક્કી કર્યું. શિક્ષણ જગતને માધ્યમ બનાવ્યું બે પ્રકારના શિક્ષકો વચ્ચે સંઘર્ષ નક્કી કર્યો. પચીસ વર્ષ આ ક્ષેત્રમાં કામ કર્યું હતું સેકન્ડ રેટરોને ભરપૂર માણ્યા હતા. અનેક ઘટનાઓ અને દશ્યો આંખ સામે તરતાં હતાં ધીમે ધીમે તેને સંકલિત કરવા માંડયા અને નવલકથાના ફોર્મમાં ઢાળવા માંડયા લખવાનું શરૂ કર્યું. સળંગ અઢારેક પ્રકરણ લખાઇ પણ ગયાં, ફરી અટકી આગળ વધે નહીં. વચમાં ઘણાં પુસ્તકો તૈયાર થયાં, આ પડી રહી."

'હમણાં ગુસ્સો ચડયો કે આ શા માટે ઠેલાયા કરે છે ? તરત ડેડ લાઇન નક્કી કરી ફરી શરૂ કરી, અને લ્યો ! પછીનાં ચાર પ્રકરણ ત્રણ જ દિવસમાં લખી નાખ્યાં અને પૂરી જ કરી, ત્યારે જ Relax થવાયું.'

અહીં એક ઘડાયેલા સર્જક અને લખું લખું કરતાં નવી સર્જકની કેફિયત જોતાં સર્જનમાં એવું કંઇક તત્વ છે. જે સર્જકને બહાર કાઢતાં ખૂબ જ મથામણ કરવી પડે છે. પણ જયારે મળે સર્જક અને બરાબર પામી જાય છે. ત્યારે એકી બેઠકે લખી નાખે છે. આ જ તત્વને ભાવક પકડી પાડે તે એક બેઠકે વાંચી નાખે છે. કશુંક મળ્યાનો આનંદ અનુભવે છે એવો આનંદ બ્રહ્મ સહોદર આનંદ, 'અંગદનો પગ'માંથી પસાર થતાં એવો જ કંઇક અનુભવ થયો. 'અંગદનો પગ' વાસ્તવિક ભૂમિકાને કેન્દ્રમાં રાખીને રચાયેલી કૃતિ છે. એમાં સર્જક શિક્ષણ જગતને માધ્યમ બનાવ્યું છે. શિક્ષણ સર્જક પાસે પચીસ વર્ષનો અનુભવ છે. જે કૃતિને બનાવવામાં ઉપકારક નિવડયો છે બકુલદવે આ કૃતિના સંદર્ભે નોંધે છે.

"નવલકથામાં ઝાઝાં પાત્રો નથી. બે શિક્ષકોની આસપાસ કથાવસ્તુ ગૂંથાયું છે અથડામણ, સંઘર્ષ અને પછી જન્મતી પીડાની વાત લેખકે બે ખૂબી અને લાઘવપૂર્ણ કરી છે.... પ્રસંગોની ગૂંથણીમાં લેખકે પોતાનું કૌશલ્ય અને સર્જનાત્મક કથા દેખાડી કથાનું સુપેર નિર્વહણ કર્યું છે. લેખકનો દાર્શનિક અભિગમ કયા પ્રવાહમાં કયાંય અંતરાય બનતો નથી. લેખકનું ભાષા કર્મ કથાને શણગારે છે..." કૃતિ કલાપાસાં અને નવલકથાના સ્વરૂપને જોતા ઉપરોકત નોંધ યથાર્થ માલૂમ પડે છે.

શિક્ષણ જગતની નરી વાસ્તવિકતા રજૂ કરતી આ લઘુનવલ પ્રતિભાશાળી અને સામાન્ય વ્યક્તિની સંઘર્ષની કથા છે. શાળા નવલકથાનું બેકગ્રાઉન્ડ છે. શાળાનું વાતાવરણ ભાવાવરણને લેખકે વણી લીધું છે. એમાં ભણાવતા શિક્ષકો અને વિદ્યાર્થી કથાના પાત્રો છે. સમગ્ર કથા ડાયરી સ્વરૂપે છે. પાશ્ચાતાપરૂપે લખાયેલી આ ડાયરી વિદ્યાર્થીનિ હાથે ખૂલે છે. વંચાય છે, ભાવક એમાં સંડોવાય છે. પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા જયોતિન્દ્ર શાહ અને સામાન્ય વ્યક્તિત્વ ધરાવતા કિરણ દવેના પાત્રોમાં વિહરે છે. કિશોર એક જ રાત્રિ એક જ બેઠકે ડાયરી પૂર્ણ કરે છે. ભાવક માટે પણ એવા જ સંજોગો ઉભા થાય તેમ શાળામાં રોજ બરોજ બનતી ઘટનાઓ અને એ સંદર્ભેના પ્રપંચો એની મેળે ઉઘડે છે. જયોતિન્દ્ર શાહ અને કિરણ દવેનું એમાંથી ઉપસતું વ્યક્તિત્વ ભાવકમાં આવે છે. કિરણ દવે મહત્વાકાંક્ષી છે એમના પિતા અગ્રણી વકીલ હતા એ પણ પ્રભાવશાળી હતા, એમની ઇચ્છા પુત્રને મહત્વાકાંક્ષી બનાવવાનો હતો.

"પણ તે બણ, સિદ્ધિ મેળવવી પડશે  મારો દીકરો સામાન્ય ન હોવો જોઇએ" નાનપણથી જ કિરણ દવેએ 'સામાન્યમાંથી બહાર આવવાના બીજ રોપાયા હતા, પરંતુ એ 'સરેરાશ' માણસ હતો, એ એની વિધિની વક્રતા પણ કિરણ આ વિધિની વક્રતાને રુડસેલી આગળ નીકળ્યું હતું નવા નવા પ્રપંચો રચીને એમની નબળાઇઓ એમનીમાં રમતના શિક્ષક અને પ્રતિભાશાળી અંગ્રેજીના શિક્ષક જયોતિન્દ્ર દવે જાણતા હતા. પરંતુ એમણે એનો અસ્વિકાર કરવો હતો. શાળામાં પિતાજીના લાગવગથી જ શિક્ષક બન્યો છે. આચાર્ય સુધી પહોંચવું છે. જયોતિન્દ્ર પ્રતિભાશાળી અને સિનિયર શિક્ષક હોવા છતાં તેમને પાછળ પાડવા નવા - નવા પેતરાં રચે છે. પ્રવાસનું આયોજન સંઘના સભ્ય બનવું, ટયૂશન પ્રથા

લાવવી, જ્યોતિન્દ્ર પર વર્ગમાં ખરાબ-ખરાબ શીખવે છે. નો આરોપ મૂકવો આ બધામાં જ્યોતિન્દ્ર પ્રતિભા સામે નિષ્ફળ નીવડે છે.

‘‘દવે, લોકપ્રિય થવા તારી લીટી મોટી કર, બીજી લીટીને નાની કરવા પ્રયત્ન ન કર, તેનાથી કદી પ્રગતિ થઇ શકતી નથી લીટી નાની પણ કરી શકાતી નથી. આવો પ્રયાસ મારા પર ભલે કર્યો પણ અન્ય શિક્ષક પર ન કરતો તે, તે હાર્ટ એૅટેકથી મરી જશે, દોસ્ત, લડાઇ કરવી છે ને તો બુદ્ધિથી લડ મઝા પડશે.’’ અને કિરણ દવેના શબ્દો જુઓ ‘હું મનમા મસમસી રહ્યો.’

શાળામાં પ્રવેશી અગ્રણી બનવા માટે કિરણદવે ચાર ક્ષેત્રો પસંદ કર્યો. વિદ્યાર્થીઓ શિક્ષકો અને ટ્રસ્ટીઓ.., વિદ્યાર્થીઓ લાંબો પ્રવાસ ગોઠવવાનું આયોજન કરી પ્રભાવ પાથરવાનો પ્રયાસ, પરંતુ ટુંકા પ્રવાસમાં પણ જ્યોતિન્દ્ર શાહની કુશળતાને કારણે પોતાના પગ સ્થિર રાખયા - જ્યારે લેખકના શબ્દોમાં કહીએ તો કિરણ દવેનું આ ‘પ્રથમ પંકચર’ છેલ્લે સુધી ચાલુ રહે છે, પછી એ વિદ્યાર્થીઓનો સમજાવવાની રીત, પ્રાર્થના સભાનો પ્રસંગ, વકૃતત્વ સ્પર્ધા માટે વિદ્યાર્થીને તૈયાર કરવાની આવડત - બધે જ જ્યોતિન્દ્રના પગને દવે ખસેડી શકતા નથી. આ બધું જ ડાયરીરૂપે છે. જે નવલકથાની રચનારીતિની વિશિષ્તા છે.

જ્યોતિન્દ્રના ભાગને ઘડવામાં ભાવકના અંતર મનને પણ ઘડવામાં ઘણાં વિધાનો ઉપકારક નીવડે તેવા છે. ‘‘મહાવીરે સંકોચાતા મને નમસ્કાર કર્યો પછી ઓઝા સાહેબને પગે લાગશે. છેલ્લે જ્યોતિન્દ્રને પગે લાગ્યો જ્યોતિન્દ્રે તેને છાતી સરસો ચાંપ્યો અને બોલ્યો, ‘બેટા, અલ્યા આવો સરસ મહાવીર તું બેવકૂફ થયો છે ? શા માટે ખરાબ લગાડે છે ? આગળ વધ, બેટા, તારામાં ખૂબ શક્તિ છે.’’

‘‘હાં લૂંટ જે વાંધો નહી પણ ગરીબો પ્રત્યે ધ્યાન રાખજે, તેમનું કોઇ નથી તેમના પાસે પૈસા તો નથી જ પણ કોઇની સહાનુભૂતિ પણ નથી હોતી, તારું એક સ્મિત, તારો સ્નેહાળ હાથ એકાદ દવા આપવી કે પૈસા ન લેવા - તે ગરીબને મોટું બળ આવી જશે તેનું વળતર ધનવાનો પાસેથી લે જે ને!’’

‘‘ના જરાપણ રસ નથી, ખૂબ વાંચ્યો છે તેને’’ ઓછા શબ્દોમાં વધુ કહેવાની ખપ લેખકમાં પાને પાને જોવા મળે છે. જે લેખકનું ભાષા કર્મ સૂચવે છે સંવાદો પણ એટલા જ ટૂંકા અને સચોટ સાથે સાથે ઉપદેશાત્મક, પ્રેરણાત્મક વાક્યો ભાવકને માટે ઉપકારક બની રહે તેવો છે. પાત્રોનું વર્ણન પણ લાઘવપૂર્ણ છે. જે લેખકની વર્ણનકલાના દર્શન છે. પછી એ ટ્રસ્ટી રાકેશ હોય કે વિદ્યાર્થી કિશોર હોય - જ્યોતિન્દ્ર અને કિરણ તો ખરા જ, ઓછા શબ્દોના વર્ણનથી વ્યક્તિની છબી ઉપસાવવાની કલા લેખકમાં ગજબ છે. આખી નવલકથામાં જ્યોતિન્દ્રનું પાત્ર પ્રતિભાશાળી વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે કિરણ દવેનું પાત્ર સામાન્ય વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ કરે છે. જેના થકી જ હેતુ પૂર્વક લખાયેલી આ નવલકથાનો ‘મેસેજ’ ભાવકને મળી રહે છે. એજ લેખકની સિદ્ધિ છે. સમગ્ર શાળા-કોલેજોના ભાવાવરણને પ્રતિબિંબ પાડતી આ નવલકથા છે. અતિશયોક્તિ લાગતી નથી. ‘અંગદ’ના પગને કોઇ ખસેડી શકે તેમ નથી તેવી જ રીતે પ્રતિભાશાળી વ્યક્તિને કોઇ હરાવી શકતું નથી કારણ કે તે આંતરિક રીતે સ્થિર હોય છે. એ જ રીતે શીર્ષક યથાર્થ છે. અંતિમ પડાવ પર કિરણ દવેનું શરીર નામશેષ થઇ ગયું છે. પ્રકાશના આંખના ઝળમળિયામાં ભાવકની આંતરચેતનાને ઉજાગર છે. શોલેના આરંભથી શરૂ થતી નવલકથા ‘ટાઇટનિક’ ના બોર્ડથી પૂર્ણ થાય છે. આ બે વચ્ચે સમગ્ર શિક્ષણ જગત પ્રતિકાત્મક સ્વરૂપે રજૂ થતું જોવા મળે છે. ડૉ. મોતીભાઇ પટેલે નોંધ્યું તેમ,

‘‘કિરણ દવે હજારો માટી મગા શિક્ષકો આ નવલ વાંચશે તો પોતાની જાતને તપાસવાની તક મળશે, જ્યોતિન્દ્રો વાંચશે તો બળ મળશે.’’

‘‘સાહિત્ય જીવનની સમીક્ષા છે, અને સાહિત્ય સમાજનું દર્પણ છે.’’ બન્ને અર્થમાં અંગદનો પગ નિહિત છે.